વડીલોને વંદન અભિનંદન

આજે જન્મદિવસ

છનાભાઈ ભાઈચંદભાઈ પંચાલ
(૧૯૪૦) ફોન : ૨૩૨ ૩૫૦૭૦

રાયમલભાઈ કેવળભાઈ પ્રજાપતિ
(૧૯૩૩) ફોન : ૨૩૨ ૨૭૪૧૯

મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીએ જિલ્લામાં યોજેલી વિવેકાનંદ યાત્રા અંતર્ગત મોડી સાંજે કલોલમાં સભા સંબોધી હતી. નરેન્દ્ર મોદીએ કલોલમાં સંબોધેલી સભામાં હજારોની સંખ્યામાં ઉમટી પડેલા નગરજનો તથા કાર્યકરો સમક્ષ કોંગ્રેસ પર આકરા પ્રહારો કર્યા હતા. આ સભામાં પુરષોત્તમ રૂપાલાએ કરેલા ભાષણોમાં ચાબખા મારતા જણાવ્યું હતું કે 'મોદીને આઉટ કરવા કોંગ્રેસ દસ વર્ષથી ફિલ્ડીંગ ભરી રહી છે. લીંબુ પાણી પી લો... અને ફરી દસ વર્ષની ફિલ્ડીંગ માટે તૈયાર થઈ જાઓ...' (તસવીર : વિપુલ ચૌહાણ)

પંડિત નવલકિશોર શર્માને કોંગ્રેસની શ્રદ્ધાંજલિ

ગાંધીનગર, તા. ૯

ગુજરાત રાજયના પૂર્વ રાજ્યપાલશ્રી અને વરિષ્ઠ કોંગ્રેસના આગેવાન પંડિત નવલકિશોર શર્માના નિધન અંગે ઘેરા શોકની લાગણી વ્યક્ત કરતા અખિલ ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસના અધ્યક્ષા શ્રીમતિ સોનિયા ગાંધીના રાજકીય સચિવશ્રી અહેમદભાઈ પટેલે જણાવ્યું હતું કે પંડિત નવલકિશોર ગાંધીવિચાર, શિક્ષણ તથા સામાજીક કાર્યો સાથે સક્રિય રહી આજીવન ખાદી વિચારની સંસ્થાઓને પ્રેરીત કરવાનું તેઓએ સમગ્ર જીવનનું મિશન બનાવ્યું હતું. તેમના અવસાનથી કોંગ્રેસ પક્ષે એક જૂની પેઢીના કર્મઠ આગેવાન ગુમાવ્યા છે. હું તેમને હૃદયપૂર્વક શ્રદ્ધાંજલિ અર્પુ છું.

ગુજરાત રાજયના પૂર્વ રાજ્યપાલશ્રી અને વરિષ્ઠ કોંગ્રેસના આગેવાન પંડિત નવલકિશોર શર્માના નિધન અંગે શોકાંજલિ અર્પતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખશ્રી અર્જુન મોઢવાડીયા, વિધાનસભા કોંગ્રેસ પક્ષના નેતાશ્રી શક્તિસિંહ ગોહિલ અને કોંગ્રેસ પ્રચાર અભિયાન સમિતિના ચેમરેનશ્રી શંકરસિંહ વાઘેલાએ જણાવ્યું હતું કે પંડિત નવલકિશોર શર્માએ ગુજરાતના મહામહિમ તરીકે ઉત્તમ કામગીરી કરી હતી. રાજયની બંધારણીય જોગવાઈ અન્વયે સક્ષમતાથી કામગીરી સંભાળતા હતા. તેમના અવસાનથી કોંગ્રેસ પક્ષે એક પ્રભાવશાળી આગેવાન ગુમાવ્યા છે.

ગુજરાતમાં રીયલ એસ્ટેટ અને મેડીકલ ક્ષેત્રે પ્રોજેકટ સ્થાપવા મંગતા અમેરિકી ગુજ્જુ હસન મર્ચન્ટ

ગાંધીનગર, તા.૯

મૂળ ભારતના અને હાલ અમેરિકાના શિકાગોમાં વસવાટ કરી રહેલા સ્ટ્રકચરલ એન્જિનિયર બિઝનેસમેસ હસન મર્ચન્ટ તેના બિઝનેસ ફલકનો વ્યાપ વિસ્તારવા પોતાના વતન ભારત તરફ દૃષ્ટિ દોડાવી રહ્યા છે. આજ હેતુસર હાલ ભારતની મુલાકાતે આવેલા મર્ચન્ટ મહારાષ્ટ્ર, ગુજરાત અને મધ્યપ્રદેશના નાના મોટાં શહેરોમાં બિલ્ડીંગ પ્રોજેકટો માટે તેમજ ગ્રામ્ય વિસ્તારોમાં મેડિકલ કિલનિકો સ્થાપી મહિલાઓ અને બાળકોને કિફાયત દરે આરોગ્ય સેવા ઉપલબ્ધ બનાવવાની તેમની યોજના છે.

મહારાષ્ટ્રના મુંબઈ વગેરે વિસ્તારોમાં ૩૦૦ કરોડથી વધુ કિંમતની જમીનો હસ્તાંતરણ કરી બિલ્ડીંગ પ્રોજેકટોને વાસ્તવિક સ્વરૂપ આપવા હસન મર્ચન્ટ સ્થાનિકમાં પ્રતિષ્ઠિત ડેવલપર્સ-બીલ્ડરો સાથે સહયોગ માટે વાટાઘાટો ચલાવી રહ્યા છે તેઓ આવાં જ કંઈક હેતુસર ગુજરાતમાં મુખ્ય પ્રધાન નરેન્દ્ર મોદીને મળવા માગે છે અને ત્યાં બિલ્ડીંગ પ્રોજેકટો ઉપરાંત ગ્રામ્ય વિસ્તારોમાં ચેરિટેબલ મેડિકલ કિલનિકો ઉભાં કરવાની યોજના છે. આ જ હેતુસર મધ્યપ્રદેશની મુલાકાત પણ લેવાના છે.

અમેરિકામાં શિકાગો લેન્ડ એરિયામાં રિઅલ એસ્ટેટ ક્ષેત્રે પોતાની કંપની અમેરિકન રિઅલ એસ્ટેટ મારફત પ્રવૃત્તિ ચલાવી રહ્યા છે. તેમજ મેડિકલ ક્ષેત્રે વુમન્સ ડોક અને ઈન્વેસ્ટરો લક્ષિત મર્ચન્ટ કેપિટલ ફન્ડસ નામે કંપનીઓ ધરાવે છે. શિકાગોમાં રિઅલ એસ્ટેટ ક્ષેત્રે ૨૫૦૦ લાખ ડોલરથી વધુના ટ્રાન્ઝેકશનો સફળતાથી પાર પાડયા છે.

અમેરિકાના આર્થિક સંજોગો ભલે નબળા છે પણ ત્યાં રિએલ એસ્ટેટ ક્ષેત્રે વર્તમાન નીચા ભાવે પ્રવેશી પાંચ-સાત વર્ષ માટે તેમાં યોગ્ય વળતરની આશા રાખી શકાય છે. તેવી જ રીતે હાલ ભારતીય મિલકત બજાર પણ લાંબા ગાળા માટે ફાયદાકારક બની રહેશે એમ માનવું ઉચિત રહેશે.

વર્ષ ૨૦૧૩માં ઈન્ટરનેશનલ બિઝનેસ સોલ્યુશન્સ લોન્ચ કરવા ધારે છે. જેથી અમેરિકામાં મોટા કોર્પોરેટસને સહાયભૂત થવાનો રહ્યો છે. ઉપરાંત ભારતમાં કંપનીએ શરૂ કરવા અથવા સંયુકત સાહસના પ્રોજેકટ માટે હાથ મિલાવવા અથવા નાની આઈટી કંપનીઓ હસ્તગત કરવાની આ દ્વારા તેમની યોજના છે.

ગુજરાત શિક્ષણ ક્ષેત્રે દેશમાં નબળું રાજ્ય : કોંગ્રેસ

ગાંધીનગર, તા. ૯

કેન્દ્ર સરકાર દ્વારા સર્વશિક્ષા અભિયાન હેઠળ ગુજરાતના બાળકોને સારૂ શિક્ષણ મળે અને શિક્ષણનો વ્યાપ વધે તે માટે કરોડો રૂપિયાની ફાળવણી કરવામાં આવે છે. પણ કમનસીબે ગુજરાતની ભાજપ સરકાર સર્વ શિક્ષા અભિયાન હેઠળના નાણાનો દુરૂપયોગ કરે છે તેવો આક્ષેપ કરતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રવકતા ડૉ. મનિષ દોશીએ જણાવ્યું હતું કે, સર્વ શિક્ષા અભિયાન હેઠળ કેન્દ્ર સરકારે ગુજરાતને વર્ષ ૨૦૦૭-૨૦૦૮ થી ૨૦૧૧-૨૦૧૨ સુધીમાં રૂ. ૧૮૨૮.૩૬ કરોડ જેટલી માતબર રકમની ફાળવણી કરી હોવા છતાં ગુજરાતના બાળકો પાઠ્યપુસ્તકો, શિક્ષકોને ટ્રેનીંગ, શાળાના મકાનોનું રીપેરીંગ અને પાયાની સુવિધાઓથી વંચિત રાખવામાં આવેલ છે.

ધો. ૫, ૬ અને ૭ માં અભ્યાસ કરતા પ્રાથમિક શાળાના બાળકોને ટેકનોલોજી દ્વારા આધુનિક શિક્ષણ મળે તે માટે ભારત સરકારે સર્વ શિક્ષા અભિયાન હેઠળ કોમ્પ્યુટર અને તેને સંલગ્ન ઉપકરણો અને અભ્યાસક્રમની સી.ડી. માટે નાણાની ફાળવણી કરવામાં આવી. જેના ભાગરૂપે ભાજપ સરકારે ગુજરાતમાં ૩ વર્ષ પહેલા એક ખાનગી કંપની નામે એજ્યુકોમ્પ (આઈ.ટી.કંપની)ને અભ્યાસક્રમની સી.ડી. તૈયાર કરવા માટે કોન્ટ્રાકટ આપવામાં આવ્યો હતો. પણ આ ખાનગી કંપનીએ સી.ડી. વર્ષ ૨૦૧૨ની શરૂઆતમાં જે તે શાળાને મોકલવામાં આવે પણ ખરેખર જ્યારે આ સી.ડી. શાળામાં પહોંચી ત્યારે ધો. ૫, ૬ અને ૭ના શાળાઓમાં સાળાકીય અભ્યાસક્રમ બદલાઈ ગયેલ છે. આ સ્થિતિમાં કરોડો રૂપિયા ખર્ચ કરીને તૈયાર કરવામાં આવેલ આ પ્રોગ્રામની સી.ડી. વિદ્યાર્થીઓને ઉપયોગી થશે નહિ. શાળામાં શિક્ષણ કાર્ય કરતા શિક્ષકો પણ અવઢવભરી સ્થિતિમાં મુકાઈ ગયેલ છે. સરકાર દ્વારા ખાનગી પ્રકાશકોના લાભાર્થે વારંવાર અભ્યાસક્રમમાં ફેરબદલ કરવામાં આવે છે. પરીણામે રાજ્યના વિદ્યાર્થીઓ અને વાલીઓ ઉપર નાણાંકીય બોજો ઉભો થાય છે.

કોંગ્રેસ પ્રવક્તા ડૉ. મનિષ દોશીએ આક્ષેપ કરતા જણાવ્યું હતું કે, અભ્યાસ બદલનાર પણ ગુજરાતની ભાજપ સરકારના હસ્તકનો શિક્ષણ વિભાગ છે.

ઓલ ઈન્ડીયા રેલવે મેન્સ ફેડરેશનના આહ્વાન પર વેસ્ટર્ન રેલવે એમ્પલોઈઝ યુનિયન તથા તેને સંલગ્ન તમામ યુનિયન દ્વારા રેલવે કર્મીઓનો ઘણા સમયથી પડતર રહેલી વિવિધ માંગણીઓ સંદર્ભે કેન્દ્ર સરકાર તથા રેલ મંત્રાલય દ્વારા કોઈ પ્રકારનાં ન લેવાયેલા નિર્ણય સામે વિરોધ પ્રદર્શન કરવા સાબરમતી કટોસણ અને કલોલ શાખાના ૭૦ થી વધુ રેલવે કર્મીઓ એક દિવસીય ભુખ હડતાલ પર ઉતર્યા હતા. ઉલ્લેખનીય છે કે રેલવે કર્મીઓને લાંબા સમયથી ૧૭ થી પણ વધુ પડતર માંગણીઓનો હજુ સુધી સ્વિકાર કરી કોઈ નિર્ણાત્મક પગલા લેવાયા ન હોવાથી તમામ રેલ કર્મીઓમાં રોષ પ્રગટયો છે. (તસવીર : વિપુલ ચૌહાણ)

વિવેકાનંદ યુવા વિકાસ યાત્રાનું પાવાગઢમાં ૧૧ ઓક્ટોબરે સમાપન

૧૧ સપ્ટેમ્બરે સ્વામી વિવેકાનંદજીના શિકાગો ધર્મપરિષદના પ્રવચનના દિગ્વિજય દિને બહુચરાજીથી પ્રારંભ થયેલી વિવેકાનંદ યુવા વિકાસ યાત્રાનું ૧૧ ઓક્ટોબર સ્વ. જયપ્રકાશ નારાયણની જન્મજયંતિએ પાવાગઢમાં સમાપન થશે.

૧૧ ઓક્ટોબરના રોજ ભાજપની મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં ચાલી રહેલી વિવેકાનંદ યુવા વિકાસ યાત્રાનો સવારે ખેડા જિલ્લાના પવિત્ર તીર્થસ્થાન ફાગવેલથી ૯.૩૦ કલાકે પ્રારંભ થશે. ફાગવેલથી યાત્રા અલીણા, ડાકોર, ઠાસરા સ્વાગત ઝીલતી ઝીલતી અંબાવ પહોંચશે. વિવેકાનંદ યુવા વિકાસ યાત્રા અંબાવથી સાંજે ૪.૦૦ કલાકે પાવાગઢ ખાતે પહોંચશે. આ યાત્રાનું પાવાગઢ ખાતે ભાજપાના રાષ્ટ્રીય અધ્યક્ષ શ્રી નીતિન ગડકરીજી, છત્તીસગઢના મુખ્યમંત્રી શ્રી રમણસિંહ, ગોવાના મુખ્યમંત્રી શ્રી મનોહર પારીકર સહિતના આગેવાનોની ઉપસ્થિતિમાં સમાપન થશે. વિવેકાનંદ યુવા વિકાસ યાત્રા ૧૧ ઓક્ટોબરના રોજ ખેડા અને પંચમહાલ જિલ્લામાં જશે. ૧૩૦ કિમી.નું અંતર કાપશે. ભાજપાના રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ શ્રી પુરષોત્તમભાઈ રૂપાલા, પ્રદેશ અધ્યક્ષ શ્રી આર.સી. ફળદુજી સહિતના આગેવાનો યાત્રામાં જોડાશે. ૧૭મા દિવસે યાત્રા પંચમહાલના પવિત્ર સ્થાન પાવાગઢ ખાતે સ્વાગત સન્માન ઝીલતી સંપન્ન થશે.

કેસ દાખલ... ● અનુસંધાન પહેલાનું ચાલુ

૨૦મી જુલાઈ, ૨૦૧૦ ના દિવસે ગુજરાત હાઈકોર્ટની બહાર ગોળી મારીને હત્યા કરી દેવામાં આવી હતી. જેઠવાએ ગીર વન્ય વિસ્તારમાં ગેરકાયદે માઈનીંગ સામે એક અરજી દાખલ કરી હતી. આ હત્યાના કારણે દેશભરના આરટીઆઈ કાર્યકરોમાં ભારે હોબાળો મચી ગયો હતો. આ લોકોએ આરટીઆઈ કાર્યકરોની સુરક્ષાને લઈને પ્રશ્નો ઉઠાવ્યા હતા. તેમના પિતા ભીખાભાઈ જેઠવાએ સીબીઆઈ તપાસની માંગ કરી હતી અને એવો આક્ષેપ કર્યો હતો કે દિનુ બોઘાનો આ હત્યામાં હાથ છે. હાઈકોર્ટ સમક્ષ તેમની અરજીમાં ભીખાભાઈએ આક્ષેપ કર્યો હતો કે રાજય પોલીસ કેસમાં ધીમી ગતિએ તપાસ કરી રહી છે. ભાજપના સાંસદને છૂપાવવાનો રાજય સરકાર ઉપર આક્ષેપ કરવામાં આવ્યો હતો.

નવા મતદારોની અરજી... ● અનુસંધાન પહેલાનું ચાલુ

અરજીઓ મળી છે. જેમાં સૌથી વધુ અરજી ગાંધીનગર (ઉ) વિધાનસભા મત વિસ્તારમાંથી મળી છે. ગાંધીનગર (ઉ)માં ૧૯૬૭ વ્યક્તીઓએ આવી અરજીઓ કરી છે. આ પછી બીજાક્રમે કલોલ વિધાનસભા મતવિસ્તાર આવે છે જેમાં ૯૭૭ અરજીઓ મળી છે. ગાંધીનગર(દ)માંથી ૨૦૨ અરજીઓ અને ૧૦૧ અરજીઓ દહેગામ વિધાનસભા મતવિસ્તારમાંથી જિલ્લાતંત્રને મળી છે. મળતી વિગતો પ્રમાણે ૧૦૮ અરજીઓ નામ કમી કરવા માટેની મળી છે તો ૨૦૬ જેટલી અરજીઓ સ્થળાંતર કરી ગયેલા મતદારોની છે. એકજ વિધાનસભા મત વિસ્તારમાં જ રહેતા હોય પણ મતદાર પેટા વિભાગ બદલાતો હોય તેવા અરજદારો પણ સૌથી વધુ ગાંધીનગર(ઉ)માં નોંધાયા છે. મતદારોની સંખ્યા ૧૬૨ જેટલી થવા જાય છે. નામ કમી કરવા માટેની પણ સૌથી વધુ અરજી ગાંધીનગર ઉત્તર વિધાનસભા મત વિસ્તારમાંથી મળી છે. જે સંખ્યા ૪૭ જેટલી છે.

ગાંધીનગર ઉત્તર વિધાનસભા મતવિસ્તાર એ નવા સીમાંકનથી અસ્તિત્વમાં આવેલો વિસ્તાર છે. આ બેઠકમાં ગાંધીનગર શહેર અને શહેરની આસપાસના ૧૭ ગામોનો સમાવેશ કરાયો છે. જ્યારે આજ પ્રમાણે નવા સીમાંકનને કારણે બનેલ ગાંધીનગર દક્ષિણમાં જિલ્લાની પૂર્વપટ્ટીના ગામો તેમજ સરખેજ વિધાનસભામાં સમાવાયેલ જિલ્લાના ગામોનો વિસ્તાર સમાવાયો છે. ગાંધીનગર(દ) અને ગાંધીનગર(ઉ)એ બન્ને વિસ્તારો ગાંધીનગર વિધાનસભા અને સરખેજ વિધાનસભા મત વિસ્તારના વિભાજનથી બનેલા નવા વિસ્તારો છે. આ બન્ને વિભાગોમાંથી પ્રથમવાર વિધાનસભામાં પ્રતિનિધિત્વ થશે. મતદારયાદી જે તૈયાર થઈ છે તેમાં ગાંધીનગર(દ) સૌથી વધુ મતદારો ધરાવે છે. જ્યારે બીજા ક્રમે ગાંધીનગર (ઉ) વિધાનસભા મત વિસ્તાર આવે છે.

ઓફિસરો ચૂંટણી મેદાનમાં.. ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

નથી. કોંગ્રેસમાં પૂર્વ આઈપીએસ અધિકારી પી.કે.દત્તાનો દાખલો છે. જસપાલસિંગની રાજકારણમાં એન્ટ્રી ૧૯૮૦ના વર્ષમાં થઈ હતી અને સાવધાન નામની પાર્ટી બનાવી હતી. તેઓ વડોદરામાં મેયર પણ બન્યાં હતા અને ૧૯૯૦માં ચીમનભાઈ પટેલની સાથે જોડાયા હતા. કેશુભાઈ પટેલે ૧૯૯૫માં તેમને ભાજપમાં લઈ કેબિનેટ કક્ષાના મંત્રી બનાવ્યા હતા.

ભાજપની ટીકીટ મળવાની જેમને અપેક્ષા છે તેવા નિવૃત્ત ડીજીપી એસ.એસ.ખંડવાવાલા, આઈએએસ આર.એમ.પટેલ અને સૈયદ સહિત ત્રણ પોલીસ અધિકારીઓનું ભાવિ શું છે તે ૨૦મી ડિસેમ્બરે ખબર પડશે. ભાજપમાં ખેડબ્રહ્માની ટીકીટ લઈને રાજય સરકારના મહિલા અધિકારી રમિલાબેન બારા વિધાનસભામાં પ્રવેશ્યા હતા. ૨૦૦૭માં તેઓ ચૂંટણી હારી ગયા હતા. ૨૦૦૭માં બી.જી.ઘોડાસરા નામના આઈએએસ અધિકારી નોકરી છોડીને વિધાનસભાની ચૂંટણી લડ્યા હતા પરંતું તેઓ હારી ગયા હતા. ગુજરાત યુનિવર્સિટીના કુલપતિ પરિમલ ત્રિવેદીનું નામ પણ ભાજપની યાદીમાં ચાલે છે પરંતું તેમને ટીકીટ મળવાની નિશ્ચિતતા હજી સુધી દેખાતી નથી. કોંગ્રેસમાં બી.જે.ગઢવી, પી.કે.વાલેરા, આર.આર.મહેતા અને પી.જી.રામરખિયાણી જેવા ઉચ્ચ અધિકારીઓ જોડાયા છે. તાજેતરમાં વી.વી.રબારી નિવૃત્તિ બાદ કોંગ્રેસમાં ચૂંટણી લડવા જોડાયા છે. કોંગ્રેસમાં ચૂંટલી લડેલા અને શંકરસિંહના સમર્થક પ્રવિણ રાષ્ટ્રપાલ રેવન્યુ કેડરના અધિકારી હતા. ૨૦૦૭ની વિધાનસભાની ચૂંટણીમાં મોદીએ તેમના મિત્ર ગોવિંદ પ્રજાપતિને પાલનપુરથી લડવા ટીકીટ આપી હતી અને તેઓ ચૂંટાઈ આવેલા છે. ૨૦૧૨ની ચૂંટણીમાં જો ત્રણેય રાજકીય પાર્ટીઓ સમર્થન કરે તો ૧૨ થી વધુ નિવૃત્ત અધિકારીઓ ચૂંટણી લડે તેવી સંભાવના છે.

નોંધ તૈયાર કરવી પડશે.. ● અનુસંધાન પહેલાનું ચાલુ

પંચે પણ હિસાબોની ચકાસણી માટે એક શેડો રજીસ્ટર નિભાવવાનો નિર્ણય કર્યો છે. આ શેડો એકાઉન્ટીંગ રજીસ્ટરમાં ૧૬૬ જેટલી ઉમેદવારોની જરૂરીયાતોને વસ્તુઓના અંદાજિત ભાવો મુકવામાં આવ્યા છે. મળતી વિગતો પ્રમાણે પંચ દ્વારા ખર્ચ નિયંત્રણ માટે ખાસ ટીમોની પણ રચના કરી દેવામાં આવી છે. રૂ. ૨.૫૦ લાખથી વધુ નાણાંની હેરફેર થઈ શકશે નહિ. દરમ્યાન આઈ.ટી.ની ઈન્ટેલીજીન્સ વીંગને પણ ગુજરાતમાં કાર્યરત કરી દેવામાં આવી હોવાનું પંચના સૂત્રોમાંથી જાણવા મળેલ છે. શેડો રજીસ્ટર તૈયાર કરવામાં આવ્યું છે તેમાં કટઆઉટ્સ, મંડપ ડેકોરેશન, ખુરશીઓ, વી.આઈ.પી. બુકે, ગ્રીન, રેડ, બ્લ્યુ નેટ, રેલીંગ્સ, પોસ્ટર, બેનર, ફલેક્ષ બેનર સ્ટેજ સહિતની બાબતોને આવરી લેવામાં આવી છે. ખર્ચ નિયંત્રણને લઈ રાજકીય પક્ષો સાથે પણ બેઠકો યોજી દેવામાં આવી હોવાનું જાણવા મળેલ છે.

શબ્દાવલી - ૪૮૬૬



આડી ચાવી

૧. ધમ પછાડો (૩)
૪. ધીરજ, ધૈર્ય (૪)
૮. વાનગીઓ (૪)
૯. કમળ, પદ્મ (૩)
૧૦. કોથમીરને લીલા... પણ કહેવાય (૨)
૧૧. કાપીને મારવું તે, ... કરવો (૨)
૧૪. અવાજનો લય, સ્વર (૨)
૧૫. એક ચટપટી વાનગી (૪)
૧૭. પરવા (૨)
૧૯. લડાયક વહાણનો સમુહ (૩)
૨૧. લંબાઈનું એક માપ (૨)
૨૨. હોંશિયાર, પ્રવિણ (૪)
૨૩. જૂનું નહિ તેવું (૨)
૨૪. દવા, ઔષધ (૩)

ઊભી ચાવી

૧. ઉપરીપણું દાખવવું તે (૫)
૨. બહેરાપણું, કાનમાં... પડવી (૨)
૩. વાળ (૩)
૫. રસનો પ્રવાહ (૪)
૬. મહેમાન ગતિ (૫)
૭. તેજાનાનું લાકડું (૨)
૧૨. વઢવું, ગુસ્સાથી બોલવું (૫)
૧૩. આક્રમણ (૩)
૧૬. મુશ્કેલનું અંગ્રેજી (૨)
૧૮. મારપીટ (૪)
૨૦. એક પક્ષી (૩)
૨૧. ગાયન - ગીત (૨)
૨૨. પ્રવેશ નો પરવાનો હોય તેવું કાર્ડ કે કાગળ (૨)

શબ્દાવલી ૪૮૬૫ના જવાબ

આડી ચાવી :- (૧) તડપાવવું (૪) ઉશ (૬) લટ (૭) સુંદર (૮) કવાયત (૯) હારમાળા (૧૧) સરવાણી (૧૨) બાધા (૧૪) ભાર (૧૫) અંદર (૧૬) વાનગી (૧૭) ઓળો (૧૮) કળતર

ઊભી ચાવી :- (૧) તડફંચી (૨) પાલનહાર (૩) વટ (૪) ઉદય (૫) શરત (૭) સુંવાળા (૮) કમાણી (૧૦) રવાનગી (૧૧) સરવાળો (૧૨) બાદ (૧૩) ધારદાર (૧૫) અંજળ

ચાર નવરાત્રીની ઉજવણી

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

પ. માધ નવરાત્રી : માધ નવરાત્રીને ગુપ્ત નવરાત્રી પણ કહેવાય છે, માધ (જાન્યુઆરી-ફેબ્રુઆરી) મહિનામાં શક્તિના નવ સ્વરૂપોને નવ દિવસોમાં સમર્પિત કરવામાં આવ્યા છે. માધ નવરાત્રી માધ શુકલ પક્ષ (ચંદ્રના વધવાના તબક્કા) દરમિયાન કરાય છે.

વસંત નવરાત્રી

વસંત ઋતુ (ઉનાળાની શરૂઆત) (માર્ચ-એપ્રિલ) દરમિયાન આ ઉત્સવની ઉજવણી થાય છે. તેને ચૈત્ર નવરાત્રી પણ કહેવાય છે. કારણ કે ચંદ્રના ચૈત્ર માસમાં આ ઉત્સવ આવે છે.

વસંત નવરાત્રીની પાછળ તેની એક મૂળ વાર્તા રહેલી છે

કેટલાય સમય પહેલા, રાજા ધ્રુવસિંગ જ્યારે જંગલમાં શિકાર કરવા ગયા હતા ત્યારે એક સિંહે તેમને મારી નાખ્યા. રાજકુમાર સુદર્શનની તાજપોશીની તૈયારીઓ કરવામાં આવી રહી હતી. રાણી લીલાવતીના પિતા, ઉજ્જૈનના રાજા યુદ્ધજીત અને રાણી મનોરમાના પિતા, કલિંગના રાજા વીરસેન કોસલાને પોત પોતાના પૌત્ર માટે સલામત રાખવા માટે આતુર હતા. તેઓએ એકબીજા સાથે લડાઈ કરી. આ યુદ્ધમાં રાજા વીરસેનાની મૃત્યુ થઈ. મનોરમા રાજકુમાર સુદર્શન અને એક નપુંસકથી સાથે જંગલમાં ભાગી ગઈ. તેઓ ઋષિ ભરદ્વાજના આશ્રમમાં શરણ લીધી. કોસલાની રાજધાની અયોધ્યા ખાતે, વિજેતા રાજા યુદ્ધજીતના પૌત્ર શત્રુજીતને તાજ પહેરાવવામાં આવ્યો. પછી તે મનોરમા અને તેના પુત્રની શોધમાં નીકળી પડ્યો. ઋષીએ કહ્યું કે જેમણે તેમની રક્ષાની માંગ કરી છે તેવા લોકોને તે નહીં આપે. આ સાંભળીને યુદ્ધજીત ક્રોધે ભરાયો. તે ઋષિ પર હુમલો કરવા ઈચ્છતો હતો. પણ, તેના મંત્રીએ ઋષિના કથન અંગેની હકીકત કહી. યુદ્ધજીત તેની રાજધાનીમાં પાછો ફરે છે.

રાજકુમાર સુદર્શન પર ભાગ્ય મહેરબાન થયું. એક દિવસ એક સંન્યાસીનો પુત્ર આવ્યો અને તે નપુંસકને તેના સંસ્કૃત નામ કલીબાના નામે બોલાવ્યો. રાજકુમારે તેનો પહેલા શબ્દ કલી પકડી તેનું કલીમ તરીકે ઉચ્ચારણ કરવાની શરૂ કર્યુ. આ શબ્દ એક શક્તિશાળી, પવિત્ર મંત્ર હતો. તે દેવીમાતાનો બીજ અક્ષર (મૂળ શબ્દ) છે. આ શબ્દનું વારંવાર ઉચ્ચારણ કરવાથી તેને દેવીમાતાની કૃપા અને મગજની શાંતિ પ્રાપ્ત થઈ. દેવી તેની સામે પ્રગટ થયા. અને તેમણે સુદર્શનને આશીર્વાદ સાથે એક પવિત્ર શસ્ત્ર અને એક અક્ષય્ય ભાથો આપ્યો. ઋષિના આશ્રમથી પસાર થતા બનારસના રાજાના એક જાસૂસે, જ્યારે કુલીન રાજકુમાર સુદર્સનને જોયો ત્યારે તેમણે બનારસના રાજાની પુત્રી સશીકલા માટે આ રાજકુમારની ભલામણ કરી.

રાજકુમારીના સ્વયંવર તૈયાર કરવામાં આવી. સશીકલાએ ત્યારે સુદર્શનને પસંદ કર્યો. યથાસમયે તેમના લગ્ન થયા. રાજા યુદ્ધજીત, કે આ સમારોહમાં હાજર હતા તેમણે બનારસના રાજા સાથે યુદ્ધ કરવાની શરૂઆત કરી. દેવીએ સુદર્શન અને તેના સસરાની મદદ કરી. યુદ્ધજીતે તેણીનો ઉપહાસ ઉડાવ્યો, જેનાથી દેવીએ તે જ ક્ષણે યુદ્ધજીત અને તેના લશ્કરને રાખમાં ફેરવી દીધા. જેથી સુદર્શને તેની પત્ની અને સસરા સાથે દેવીની પ્રશંસા કરી અને દેવી ખુબ જ ખુશ થઈ અને તેમણે આ લોકોને વસંત પંચમીના સમયે અન્ય હેતુ અને હવન સાથે તેણીની પૂજા કરવાનું કહ્યું. ત્યારબાદ તેણી અદૃશ્ય થઈ ગઈ. રાજકુમાર સુદર્શન અને સશીકલા ઋષિ ભરદ્વાજના આશ્રમમાં પાછા ફર્યા. મહાન ઋષિએ તેમને આશીર્વાદ આપ્યા અને સુદર્શનને કોસલાના રાજા તરીકે તાજપોશી કરી. સુદર્શન અને સશીકલા અને બનારસના રાજા સર્વથા દેવી માતાના હુકમ મુજબ વસંત નવરાત્રીના સમયે ભવ્ય રીતે દેવીની પૂજા કરતા રહ્યા. સુદર્શનના વંસજો, જેમ કે શ્રી રામ અને લક્ષ્મણ પણ શરણ નવરાત્રી દરમિયાન દેવીની પૂજા કરી હતી અને તેણીની મદદ અને આશીર્વાદથી તે સીતાને પાછી મેળવી શક્યા હતા.

શરદ નવરાત્રી

અશ્વયુજા/અશ્વીન મહિનાના તેજ અડધા ચંદ્રના દસમાં દિવસના અંતની પહેલા તેની શરૂઆત થાય છે. નવરાત્રી ઉત્સવની ઉજવણી સુદ પખવાડીયામાં અશ્વિન માસમાં, પ્રતીપાદથી નવમી સુધી એમ કરવામાં આવે તેવું ધૌમ્ય-વકના કહેવામાં આવ્યું હતું. ૨૦૧૨ વર્ષમાં નવરાત્રી ૧૬ ઓક્ટોબર-૨૦૧૨ થી શરૂ થાય છે અને ૨૩ ઓક્ટોબર-૨૦૧૨ના રોજ, ૨૪ ઓક્ટોબરની વિજયાદશમીની ઉજવણી સાથે આ ઉત્સવનો અંત કરવામાં આવે છે.

શક્તિના સ્વરૂપો

નવરાત્રી દરમિયાન શક્તિના નવ સ્વરૂપોની પૂજા થાય છે. દેવીની પૂજા પ્રદેશની પરંપરા પર આધારિત હોય છે.

દુર્ગા, જે અપ્રાપ્ય છે તે ભદ્રકાલી અંબા કે જગદંબા, વિશ્વમાતા અન્નપૂર્ણા, જે અનાજ (અન્ન)ને મોટી સંખ્યામાં (પાત્રઃનો ઉપયોગ હેતુલક્ષી રીતે થયો છે) સંઘરીને રાખે છે તે. સર્વમંગલા, જે બધાને (સર્વને) આનંદ (મંગલ) આપે છે તે. ભૈરવી ચંદ્રિકા કે ચંડી લલિતા ભવાની મોકામ્બિકા. આ શક્તિ સ્વરૂપા માતાની નવરાત્રીમાં ભાવિકો ખુબ ભાવપૂર્વક આરાધના કરે છે.

વાહનો સંપાદિત કરાશે.. ● અનુસંધાન પહેલાનું ચાલુ

કર્યો હતો. ચૂંટણીના દિવસો નજીક આવશે તેમ તેમ વાહનોની જરુરિયાત પણ વધશે. એટલું જ નહિ પોલીંગ પાર્ટી મોકલવા માટે પણ કેટલી બસોની જરુરિયાત પડશે તેના રૂટ સહિતની જરુરી દરખાસ્ત બે દિવસમાં મોકલી આપવા માટે કલેકટરશ્રી સ્વરૂપે તાકીદ કરી હતી.

આજની આ બેઠકમાં તેમણે ખર્ચ મોનીટરીંગ માટે જરુરી ટીમોની રચના સહિતની બાબતો અંગેની સમીક્ષા કરી હતી. આ અંતર્ગત તેમણે સ્ટેટીક સર્વેલન્સ તેમજ વિડીયો સર્વેલન્સની કામગીરી અસરકારક થાય તે માટે બેઠકવાર ૧૦ જેટલા સહાયક નોડલ ઓફિસરોની નિમણુંકને પણ લીલી ઝંડી આપતાં આજે વધુ ૧૦ સહાયક નોડલ ઓફિસરોની નિમણુંકના હુકમો જારી કરી દેવામાં આવ્યા છે.

વિડીયો વ્યુવીંગ ટીમ માટે બે જેટલા ટીવી સેટ પણ અલાયદા મુકી દેવામાં આવ્યા છે. આ ઉપરાંત વિડીયો વ્યુવીંગ ટીમ માટે નોડલ ઓફિસર તરીકે શ્રી જે.આઈ. હિંડોચાની નિમણુંક કરી તેમને તાત્કાલિક આ અંગેની કામગીરી શરુ કરવા માટે પણ જણાવી દેવામાં આવ્યું હોવાનું જાણવા મળેલ છે.

આ બેઠકમાં તૈયારીઓની સર્વગ્રાહી સમીક્ષા કરવામાં આવી હતી. આ બેઠકમાં નાયબ જિલ્લા ચૂંટણી અધિકારી શ્રી મનસુરી, અધિક જિલ્લા કલેકટરશ્રી મોડિયા પ્રાંત અધિકારી શ્રી પ્રકાશ મકવાણા, શ્રી હિમાંશુ પટેલ સહિતના અધિકારીઓ હાજર રહ્યા હતાં.